## વધુ ત્રણ રિક્ષાચાલકો સામે ગુનો દાખલ

ગાંધીનગર, તા. ૨૮

સુરક્ષા અને સલામતીનાહેતુસર તમામ રિક્ષાની સીટ પાછળ ડ્રાઈવરનો ફોટો તથા તેની તમામ વિગતો લગાડવાના પ્રસિદ્ધ કરવામાં આવેલા જાહેરનામાને હજુ પણ ઘણા રિક્ષાચાલકો ગંભીરતાથી લેતા નથી. ગાંધીનગર એસ.ઓ.જી.ની ટીમે વધુ ત્રણ આવા રિક્ષાચાલકોને પકડી પાડ્યા છે અને તે ત્રણેય સામે જિલ્લા કલેક્ટરના જાહેરનામા ભંગ બદલ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી છે.

## ચક્ષુદાન કરવામાં આવ્યું

ગાંધીનગર, તા. ૨૮

વાવોલ ખાતે રહેતા ઘનશ્યામસિંહ (ભીખાજી) રાઠોડનું આકસ્મિક અવસાન થતા તેમના કુટુંબીજનો દ્વારા તેમના ચક્ષુઓનું દાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડૉ. શિલ્પાબેન ભટ્ટ, જુસીકાના સત્રી વાઘેલા અને દિનેશ દવે ઉપસ્થિત રહ્યા હતા.

## આનંદનો ગરબો

ગાંધીનગર, તા. ૨૮

મેલડી આનંદ ગરબા મંડળના મધુબેન કડીકરના મધુર કંઠે આનંદનો ગરબો તા. ૩૦ જાન્યુઆરી ગુરુવાર બપોરે ૨-૦૦ કલાકે રામેશ્વર મંદિર સે-૩-ડી ખાતે યોજાશે. ભાવિ ભકતોને પધારવા જણાવાયું છે.

## આનંદનો ગરબો

ગાંધીનગર, તા. ૨૮

મેલડી આનંદ ગરબા મંડળના મધુબેન કડીકરના મધુર કંઠે આનંદનો ગરબો તા. ૩૧ જાન્યુઆરી, શુક્રવાર બપોરે ૨-૦૦ કલાકે રામજી મંદિર સે-૩-ડી ખાતે યોજવામાં આવશે. જેમાં સર્વે ભાવિ ભકતોને પધારવા જણાવાયું છે.

## આનંદનો ગરબો

માઈ મંડળના ભાવનાબેન ગોકલાણીના મધુર કંઠે આનંદનો ગરબો તા. ૩૦ જાન્યુઆરી ગુરુવાર બપોરે ૩-૦૦ કલાકે ભીખીબેન ભાવસારના નિવાસ સ્થાન પ્લોટ નં. ૨૪૪/૧, સે-૨-બી ખાતે યોજવામાં આવશે. જેમાં મોટી સંખ્યામાં ભાવિ ભકતોને લાભ લેવા જણાવાયું છે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર

# તંત્રની બેદરકારીએ દીપડાના મોત બાદ પીએમ કરી અગ્નિ સંસ્કાર

દાંતીવાડા, તા. ૨૮

દાંતીવાડા તાલુકાના તાલેનગર ગામના ખેતરોમાં આવેલા દીપડાનું ગત રાત્રિના ૮.૩૦ વાગ્યાના સમયે સારવાર દરમિયાન મૃત્યુ થવા પામ્યું હતું. જેને આજે સવારના સમયે પીએમ કરાયા બાદ અગ્નિ સંસ્કાર આપવામાં આવ્યો.

તાલેનગર ગામના ખેતરોમાં શિકારની શોધમાં આવેલા દીપડાનું ગત રાત્રિના ૮.૩૦ વાગ્યાના સમયે સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું જેને ફોરેસ્ટ ઓફિસમાં રાખવામાં આવ્યો હતો. આજે સવારે ૮ થી ૯ વાગ્યાના સમય દરમિયાન ફોરેસ્ટ ઓફીસ ખાતે તેનું પીએમ કરવામાં આવ્યું હતું. પીએમ કરનાર ડૉ. રમેશભાઈ પટેલે જણાવ્યું હતું કે મરનાર નર દીપડો હતો અને તેના માથાના ભાગે મોટો ઘા હતો અને પાછળના એક પગમાં ફેકચર તેમજ ઘા હતો જેથી દીપડાનું મૃત્યુ થયેલ છે. તે બાદ દીપડાને ચોડુંગરી ગામની જોડે આવેલ વનવિભાગની જગ્યામાં અગ્નિ સંસ્કાર આપવામાં આવ્યો હતો. આરએફઓ આઈ.એમ. રબારીને પૂછતા તેઓએ જણાવ્યું હતું કે અમારા અંબાજી ફોરેસ્ટરે એક ઘટનાની વાત કરી હતી તો તેમને નોટીસ મળી હતી માટે હું કંઈ જણાવવા માંગતો નથી આમ તેઓ પણ જાણે દીપડાના મોતની વાતમાં પડદો પાડવા માંગતા હોય તેવું જણાઈ રહ્યું હતું. તેઓએ સાથે એ પણ જણાવ્યું હતું કે ટોળાં સામે ફરિયાદ પણ નોંધીશું કારણ કે મરનાર શીડયુલ વનનું પ્રાણી છે. જયારે સોમવારના દિવસે દીપડો આવ્યો ત્યારે તો ડીએફઓ જે.વી. વ્યાસ તેમની ટીમ સાથે જોતા જ રહી ગયા હતા અને દીપડાને બચાવવામાં નાકામિયાબ જાહેર થયા પરંતુ હવે આ વન વિભાગના જિલ્લાના ઉચ્ચ અધિકારી હોઈ તેઓ શું કાર્યવાહી કરશે તે તો સમય જ બતાવશે કે પછી વાત પર પડદો પાડશે? બધી વાતને જાણવા લોકો ઉત્સુક છે.


(તસવીર : પ્રવિણ પટેલ, દાંતીવાડા)


ખેડબ્રહ્મામાં સોમવારે આમ આદમી પાર્ટીની ઝાડુ યાત્રાનું સૂત્રોચ્ચાર સાથે આયોજન કરવામાં આવ્યું હતું. જે શહેરના મુખ્ય માર્ગો પર ફરી વિજયનગર જવા રવાના થઈ હતી. ખેડબ્રહ્માના ઉન્ડવા ખાતે આમ આદમી પાર્ટીનો પ્રવેશેલ રથ તથા કાર્યકરોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. અને સૂત્રોચ્ચાર સાથે સરદાર ચોક-સીવીલ રોડ-બ્રહ્માજી ચોક-હરીજન વાસ-ઠાકરડા વાસ તથા બસ સ્ટેન્ડ સહીતના માર્ગો ઉપર ઝાડુ યાત્રા ફરી હતી. ભ્રષ્ટાચાર મુકત ભારત અને સાચા સ્વરાજની સ્થાપના તથા રાજકીય ગંદકી સાફ કરવાની નેમ સાથે આ પાર્ટીની રચના થઈ છે તેમાં ખેડબ્રહ્મા તાલુકાના ૪૦૦ કરતાં વધુ યુવાનો જોડાયા હોવાનો ખેડબ્રહ્માના કન્વીનર પટેલ અંકુરભાઈ નવટરભાઈ તથા વિજયકુમાર આશારામ રાજગોરે દાવો કર્યો હતો. આ રેલીના રથને વિજયનગર પ્રસ્થાન કરાવવામાં આવ્યો હતો. આ યાત્રાને સફળ બનાવવા જિલ્લા કન્વીનર ગીરીશભાઈ પંચાલ જહેમત ઉઠાવી રહ્યા છે.

## વર્ગ-૪ ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરશે

ગાંધીનગર, તા. ૨૮

ગુજરાત રાજય સરકારી ચોથા વર્ગ કર્મચારી મહામંડળ દ્વારા વર્ગ-૪ના પડતર પ્રશ્નોને લઈ આજ રોજ મંગળવારે કારોબારીની બેઠક બોલાવવામાં આવી હતી. જેમાં સરકાર દ્વારા સતત વર્ગ-૪ના કર્મચારીઓની અવગણના કરવામાં આવતી હોવાથી તા. ૨૧ ફેબ્રુઆરીથી ગાંધી ચિંધ્યા માર્ગે સત્યાગ્રહ આંદોલન કરવામાં આવશે તેમ મહામંડળના પ્રમુખ પૂનમ સોલંકી અને મંત્રી પ્રવિણ સોલંકીએ સંયુકત યાદીમાં જણાવ્યું છે.

## તૃતીય સમુહ યજ્ઞોપવિત કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૮

સમસ્ત બ્રહ્મ સમાજ સેકટર-૨૩ ગાંધીનગર દ્વારા તૃતીય સમુહ યજ્ઞોપવિત તા. ૪ મે, રવિવારના રોજ કરવામાં આવશે. સમુહ યજ્ઞોપવિતમાં ૨૫ બટુકોને યજ્ઞોપવિત આપવામાં આવશે. આ કાર્યક્રમમાં બટુકોને યજ્ઞોપવિત ધારણ કરાવવાની હોય તેમના વાલીઓએ મુકેશભાઈ શુકલ ૯૦૧૬૮ ૧૨૨૯૨, મયંકભાઈ ભટ્ટ-૯૯૭૯૪ ૩૧૩૬૯ અને પરેશભાઈ દવે-૯૮૨૪૦-૨૪૭૧૮નો સંપર્ક કરી તા. ૨૮ ફેબ્રુઆરી સુધી ફોર્મ પરત કરવા જણાવ્યું છે.

## ડૉ. સૈયદના અબુલકાઈદ જોહર મોહંમદ બુરહાનુદ્દીન સાહેબે (રી.અં.)ની શ્રદ્ધાંજલી સભા

ગાંધીનગર, તા. ૨૮

દાઉદી બોહરા કોમના ધાર્મિક વડા ધર્મગુરૂ હીઝ હોલીનેસ ડૉ. સૈયદના અબુલકાઈદ જોહર મોહંમદ બુરહાનુદ્દીન સાહેબ (રી.અં.)ના દુઃખદ અવસાન બાદ, અમદાવાદમાં વસતા સમગ્ર દાઉદી બોહરા સમાજના અનુયાયીઓ તથા ડૉ. સૈયદના સાહેબની કામગીરીમાં શ્રદ્ધા ધરાવતા લોકોની શોકસભા કુતબી મઝાર, દાઉદી બોહરાના રોજા, અમદુપુરા, સરસપુર, અમદાવાદ ખાતે આજે તા. ૨૯ બુધવારના રોજ રાત્રે ૭.૦૦ વાગે રાખેલ છે.


પાટણ જિલ્લાના સરસ્વતી તાલુકાના ચારૂપ ગામે એક વિશાળ અજગર છેલ્લા છ માસથી ગ્રામજનોને હેરાન પરેશાન કરી રહ્યો છે. ત્યારે આજે ગ્રામજનોએ ૧૧ ફૂટ લાંબા અને ૪૦ કિલો વજનના મહાકાય અજગરને પકડી પાડ્યો હતો અને વન વિભાગના કર્મચારીઓને મોકલી આપ્યો હતો. (તસવીર : ચેતન રામી, પાટણ)

# શહેરમાં ધ્વજવંદન કાર્યક્રમ યોજાયા

ગાંધીનગર, તા. ૨૮

સમગ્ર જિલ્લામાં ૬૫માં પ્રજાસત્તાક દિવસની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. જેમાં લેકાવાડાની ઓમકાર, ફતેપુરા સે-૧૫ની સરકારી પ્રાથમિક શાળા અને સિધ્ધાર્થ લો કોલેજમાં ધ્વજ ફરકાવી સલામી આપવામાં આવી હતી.

લેકાવાડા ખાતે ઓમકાર ઈન્ટરનેશનલ સ્કુલમાં ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. જેમાં દશેલા પંચાયતના સરપંચ, ઉપ સરપંચ અને જિલ્લા કિસાન મોરચાના પ્રમુખ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને દેશભકિતની ભાવના જાગૃત થાય અને ભારતીય બંધારણથી પરિચિત થવા જણાવ્યું હતું.

સે-૧૫માં સરકારી પ્રાથમિક શાળા ખાતે ગામના વડીલ આગેવાન ચંદુજીના વરદ હસ્તે ધ્વજવંદન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં તેમણે ઉપસ્થિત વિદ્યાર્થીઓ ગ્રામજનોને દેશભકિત અને દેશદાઝની ભાવના જગાડી રાખવા જણાવ્યું હતું. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ દેશભકિત અને શૌર્ય ગીતોનું ગાન કર્યું હતું.

શહેરની સિધ્ધાર્થ લો કોલેજ ખાતે પ્રજાસત્તાક પર્વની ઉજવણી વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપક ગણની ઉપસ્થિતિમાં કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓએ પ્રામાણિક રહેવા માટેના સોગંધ લીધા હતા.



## એ.ટી.એમ. તોડવા આવેલા તસ્કરોનો ફેરો ફોગટ

પ્રાંતિજ ખાતે આવેલ યુનિયન બેંક ઓફ ઈન્ડિયા શાખાના એટીએમને રાત્રીના સમયે તસ્કરો દ્વારા નિશાન બનાવવામાં આવ્યું હતું. જેમાં રોકડ કાઢવામાં તસ્કરોને નિષ્ફળતા મળી હતી. શહેરની આશીર્વાદ સોસાયટી પાસે આવેલ ઈશ્વરકૃપા કોમ્પલેક્ષ ખાતે યુનિયન બેંકનું એટીએમ આવેલું છે. સોમવારની મધ્ય રાત્રિએ તસ્કરોએ એટીએમ મશીન તોડવાનો પ્રયત્ન કર્યો હતો, પરંતુ મશીનમાંથી રોકડ કાઢવામાં નિષ્ફળતા મળી હતી. આ ઘટનાની જાણ પ્રાંતિજ પોલીસને કરાતા સ્ટેશનનો સ્ટાફ ઘટનાસ્થળે પહોંચી અજાણ્યા તસ્કરોને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

# ઊંઝામાં સગીરા પર નરાધમે બળાત્કાર ગુજાર્યો


ઊંઝા, તા. ૨૮

ઊંઝા શહેરમાં શ્રમજીવી પરિવારની એક સગીરા પર મદદના બહાને એક નરાધમ શખ્સે સગીરાના મોઢા પર ડુચો મારી બળજબરીપૂર્વક જમીન પર પછાડી તેણીની મરજી વિરૂદ્ધ બળાત્કાર કરતા ગભરાઈ ગયેલી સગીરાએ તેની માતા સમક્ષ આપવીતિ જણાવતા તેના પિતાએ ઊંઝા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં ભારે સનસનાટી મચી જવા પામી છે.

ઊંઝાના શ્રમજીવી વિસ્તારમાં રહેતા એક પરિવારની સગીરા તેના માતાપિતા બહાર ગામ ગયા હતા ત્યારે સગીરા રસોઈ બનાવવા લોટ લઈને ઘરે પરત ફરી રહી હતી તે દરમિયાન રસ્તામાં એક યુવાને કહેલ કે મારે રીક્ષામાં કોથળો નાખવો છે તો મને મદદ કર. જેથી યુવાન પરિચિત હોઈ તેણી મદદ કરવા જતા યુવાને અચાનક તેણીના મોઢામાં ડુચો મારી બળજબરીપૂર્વક ખેંચી જમીન પર પાડી હતી. અને તેણીની મરજી વિરૂદ્ધ બળાત્કાર કર્યો હતો. ત્યારબાદ આ વાત કોઈને કહીશ તો જાનથી મારી નાંખીશ તેવી ધમકી આપી નાસી છૂટ્યો હતો. સગીરાએ તેના પરિવારજનોને આ ઘટનાની જાણ કરી હતી. જેથી તેના પિતાએ ઊંઝા પોલીસમથકે દેવીપૂજક ટીનાભાઈ બુધાભાઈ સામે બળાત્કારનો ગુનો નોંધાવતા પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

ઊંઝાની સગીરા પર પખવાડીયા અગાઉ ટીનાએ બળાત્કાર ગુજાર્યો હતો. જેમાં આરોપીએ સગીરાના પરિવારજનોને ધમકી આપી હતી કે જો ફરિયાદ કરશો તો ખતમ કરી નાખીશુ જેથી આરોપી માથાભારે હોઈ પરિવારજનો ડરી ગયા હતા. ફરિયાદ કરી નહોતી પરંતુ સગાસંબંધીઓએ હિંમત આપતાં તેણીના વાલીએ પોલીસમથકે ફરિયાદ નોંધાવી છે.

## શબ્દાવલી - ૫૨૯૯



### આડી ચાવી

૧. એક રમત, બાઇબાઇ ચારણી (૬)
૬. ભુખ્યું, ભોગની ઇચ્છાવાળુ (૩)
૭. અંટી, કાચની ગોળી (૩)
૮. અવાજ (૨)
૧૦. દૃષ્ટિ, લક્ષ (૩)
૧૨. ડબ્બો, બરણી (૨)
૧૩. મોજે, આનંદ (૨)
૧૫. અગ્નિ, પવિત્ર કરનાર (૩)
૧૬. બરફ, ઠંડુ (૨)
૧૭. કારાગાર (૨)
૧૮. આકાશ, અભ્ર (૨)
૨૦. ગતિ, વેગ, ઝડપ (૨)
૨૧. ચક્ષુ, નયન (૨)

### ઊભી ચાવી

૧. કાબુલ દેશનો રહેવાસી (૩)
૨. નેત્રદાન (૪)
૩. મીઠો અવાજ (૨)
૪. ચતુર, એક પક્ષી (૩)
૫. ઇમારતી લાકડુ વેચવાની દુકાન (૨)
૯. સોનુ, હેમ (૩)
૧૧. આજન્મ (૫)
૧૨. ફક્ત, કેવળ (૩)
૧૩. પિયર (૪)
૧૪. દારૂનો પ્યાલો, સજ્જડ ચોંટી ગયેલ (૨)
૧૫. પાયલ, ઝાંઝર (૩)
૧૮. પિતા, બાપા (૨)
૧૯. ઝેર, શોમલ

### શબ્દાવલી ૫૨૯૮ના જવાબ

**આડી ચાવી :-** (૧) સાપસીડી (૩) અખાત (૬) ગપ્પા (૭) અભિજાત (૮) ચિતભ્રમ (૯) તસ્વીર (૧૧) ચાહ (૧૪) ખાર (૧૫) પડા (૧૭) ડહાપણ ડાહ્યું (૧૯) કરકમલ

**ઊભી ચાવી :-** (૧) સાગરીક (૨) પપ્પા (૩) અભિમન્યુ (૪) ખાજા (૫) તતડાટ (૭) અભ્ર (૮) ચિર (૧૦) સ્વીકાર (૧૨) હરપલ (૧૩) લપડાક (૧૪) ખારેક (૧૬) ડાહ્યુ (૧૭) ડક (૧૮) હામ


ડીસા તાલુકાના નીલકંઠ મહાદેવના મંદિરમાં ભજન-સત્સંગનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. શિવ મિત્ર મંડળ આસેડા ખાતે આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં ભકતજનો જોડાયા હતા. ડાયારામ સાહેબ (આસેડા), સત્યમપુરી બાળકલાકાર, બળવંતરાય મહારાજ, શિવપૂર્વક મંડળ-આસેડા તેમજ આસેડા ગામના ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. તેમાં દેસાઈ સમાજે પહેલી વખત ભજન-સત્સંગમાં લાભ લેતા દેસાઈ સમાજ ભકિતમાં રંગાઈ ગયો હતો. આજ સુધી દેસાઈ સમાજે ભજનમાં કોઈ વખત લાભ લીધો નથી. આમ ડીસા તાલુકા ના આસેડા ગામના નીલકંઠ મહાદેવના મંદિરમાં ભજનનો કાર્યક્રમ રાખતાં મોડી સાંજ સુધી દેસાઈ સમાજના લોકો ભકિતમાં રંગાઈ ગયા હતા.

# ઊંઝામાં આપ પાર્ટીની ઝાડુ યાત્રા નીકળી

ઊંઝા, તા. ૨૮

ભ્રષ્ટાચાર મુકત ભારત અને સાચા સ્વરાજની સ્થાપના માટે કટિબધ્ધ એવી આમ આદમી પાર્ટીની ૨૬મી જાન્યુઆરી પ્રજાસત્તાક દિને અમદાવાદથી પ્રસ્થાન થયેલ ઝાડુયાત્રા આજે વેપારી મથક ઊંઝા શહેરમાં આવી પહોંચી હતી જેનું હાઈ-વે પર એ.પી.એમ.સી. સર્કલ ખાતે સ્વાગત કરાયું હતું.

બાદમાં આ ઝાડુ યાત્રાની સાથે શહેરમાં બાઈક રેલી નીકળી હતી જે શહેરના રાજમાર્ગો જેવા કે સરદાર ચોક, ગાંધી ચોક, દરજી ચકલા, ઉમિયા માતા મંદિર, ઐઠોર ચોકડી થી તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં પ્રસ્થાન થઈ હતી. આ ઝાડુયાત્રામાં આમ આદમી પાર્ટીના સભ્યોની નોંધણી ઝુંબેશ પણ હાથ ધરાઈ હતી. પાર્ટીના ઊંઝાના કાર્યકરો રમેશભાઈ પટેલ, જયેશભાઈ, પ્રિતેશભાઈ સહિત આપના સ્વયંસેવકો અને નાગરિકો મોટી સંખ્યામાં જોડાયા હતાં.

## હિંમતનગર લો કોલેજમાં તાલીમ કાર્યક્રમ યોજાયો

હિંમતનગરના મોતીપુરા ખાતે આવેલ લો કોલેજમાં તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આજે કાર્યક્રમના પ્રથમ દિવસે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ તથા તાલુકા કાનુની સેવા સમિતિ હિંમતનગર દ્વારા નિમણુંક પામેલ ૭૪ તાલીમાર્થીઓમાં આંગણવાડી કાર્યકરો, લૉ ના વિદ્યાર્થીઓ તેમજ એન.જી.ઓના કાર્યકરો હાજર રહ્યા હતા.


અરવલ્લી જીલ્લાના ભિલોડા સહિત રાયસીંગપુર, ચોરીમાલા, ઝીંઝોડી, રાયપુર, જેસીંગપુર, પાલ્લા થઈ શામળાજીથી ખોડંબા સુધી જાડુ યાત્રા આમ આદમીના સાબરકાંઠા લોકસભા સંયોજક ગીરીશ પંચાલ, નટુભાઈ સોલંકી, રસીકભાઈ કટારા, મુકેશભાઈ પટેલ, ડી.બી.ડામોર, ભરતસિંહ, મુકેશભાઈ સહિતના અનેક કાર્યકરો ધ્વારા જાડુ યાત્રા નીકળી હતી. આમ આદમી પાર્ટીના જણાવ્યા અનુસાર આઝાદીના ૬૫ વર્ષ થવા છતાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ રામરાજ્ય એટલે કે સાચા સ્વરાજની સ્થાપના કરી આઝાદી અપાવી પરંતુ હજુ સુધી ગરીબ અને છેવાડાના આમ આદમી સુધી આઝાદી પ્રાપ્ત થઈ નથી.ભષ્ટ્રચાર,મોંઘવારી અને વીજળીના ભાવોથી આમ આદમીનો કોઈ અવાજ સાંભળતું નથી અને તે પીડાઈ છે માટે સ્વરાજની સત્તામાં આમ આદમી ભાગીદાર થાય તેવી જાગૃતી માટે આ યાત્રા કાઢવામાં આવી હતી.

## આકરી પરીક્ષા...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પુરી થાય તેવી દયનીય સ્થિતિ સર્જાઈ છે. ઓનલાઈન ફોર્મ ભરવાની સાથે પોષ્ટ કચેરીઓમાં ચલણ ભરવા માટે પણ કાલાવાલા કરવા પડે છે. સેક્ટરોની પોષ્ટ કચેરીઓમાં સ્ટાફ દ્વારા કલાકો સુધી કતારમાં ઉભા રહેલા ઉમેદવારોને ધમકાવવામાં આવે છે. ઉમેદવારો સાથે પોષ્ટ કચેરીના કર્મચારીઓ દાદાગીરી કરી મનમાની મુજબ કામ કરતા હોવાની વ્યાપક ફરિયાદો પણ જનઆક્રોશનું કારણ બની છે. બેકારીથી ત્રસ્ત યુવાનોએ રોજગારી માટેની પરીક્ષા પૂર્વે પણ આકરી કસોટીમાંથી પાર થવું પડે તેવી દયાજનક સ્થિતિ સર્જાઈ છે. આમ છતાં આ મામલે યોગ્ય વ્યવસ્થા ગોઠવાય તે માટે કોઈ પગલા લેવાતા નથી. મુખ્ય પોષ્ટ કચેરી કક્ષાએથી પણ સેક્ટરોની શાખામાં યોગ્ય સંકલન ન થતુ હોવાનો અભાવ વર્તાય છે.

## ગ્રામ સડક યોજના

● અનુસંધાન પહેલાનું ચાલુ

દ્વારા જારી કરી દેવામાં આવ્યા છે અને ટૂંક જ સમયમાં આ કામગીરી હાથ પર લેવામાં આવશે.

મળતી વિગતો મુજબ જિલ્લામાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત અગાઉ સાત ગામના રસ્તાના કામો હાથ ધરવામાં આવ્યા હતા.

દરમિયાન જિલ્લાના પેટા પરાઓ જે ૨૫૦થી ઓછી વસ્તી ધરાવે છે તેમની કનેકટીવીટી માટે અલાયદી કાર્ય યોજના તૈયાર કરવામાં આવી રહી છે. જો કે જિલ્લાના તમામ ગ્રામ્ય માર્ગો હાલ પાકા રસ્તા ધરાવતા હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.